Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 10, Issue 1, June 2024
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# સુરત શહેર અને જિલ્લાના 60 વર્ષ કે તેથી વધુ વય ધરાવતા વૃદ્ધોના શારીરિક અને આર્થિક ક્ષેત્રે અનુભવાતી સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ

# A Comparative Study of Adjustment Problems related to Physical and Economical Area among the age group of 60 and above in Surat City and District

**મિહિરકુમાર કિરણભાઇ પટેલ**
પી.એચ.ડી. સંશોધનકર્તા,
મનોવિજ્ઞાન વિભાગ,
શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ

## Abstract

વર્તમાન સમયમાં વૃદ્ધાવસ્થા બંધનકર્તા લાગે છે. યુવાન પેઢીને વૃદ્ધોની વિચારસરણી વિવાદાસ્પદ લાગે છે, ઉન્નતિના માર્ગમાં કંટકરૂપ લાગે છે. તેવી જ રીતે વૃદ્ધજનોને પણ યુવા પેઢીની વિચારસરણી નકામી લાગે છે અને પ્રગતિને બાધારૂપ લાગે છે અને પરિણામે અનેક સમસ્યાઓ સર્જાય છે. આજના ઝડપી વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં ઉચ્ચ વર્ગ કરતા મધ્યમ અને નિમ્ન વર્ગના કુટુંબોમાં વૃદ્ધાવસ્થા અભિશાપ બની ગઈ છે. વૃદ્ધની માવજત અને સંભાળ આજના સમાજની વિપરીત સમસ્યા છે. વૃદ્ધો અને નિઃસહાય વ્યક્તિઓની સમસ્યાઓનો પ્રશ્ન વિશ્વભરમાં જોવા મળે છે, પરંતુ વૃદ્ધાવસ્થા એ કુદરતી ક્રમ છે. વૃદ્ધાવસ્થામાં તેમની સુરક્ષા અને સુખાકારી માટે સમાજે ચિંતા અને વિચાર કરવાની ફરજ બને છે. 2011માં એક અંદાજ મુજબ વૃદ્ધ મહિલાઓની સંખ્યા 5.28 કરોડ હતી, જ્યારે પુરુષ વૃદ્ધોની સંખ્યા 5.11 કરોડની હતી. ગુજરાતમાં વૃદ્ધોની સંખ્યા અંદાજે 35 લાખથી વધુ છે. વૃદ્ધોની વધતી વસતી અને તેમનાં સરેરાશ આયુષ્યમાં વધારો થવાથી સામાજિક અને શારીરિક સમસ્યાઓ જોવા મળે છે.

**Keywords:** **વૃદ્ધાવસ્થા, શારીરિક સમસ્યાઓ ,આર્થિક સમસ્યાઓ, સરકાર દ્વારા લેવાયેલાં પગલાંઓ, વૃદ્ધાશ્રમો**

## I. વૃદ્ધાવસ્થાનો પરિચય :

ભારતીય સમાજ સંયુક્ત પરિવાર સાથે ગાઢ સંબંધ ધરાવે છે. પરંતુ શહેરીકરણ, ઔદ્યોગીકરણ,પશ્ચિમીકરણ, આધુનિકીકરણ વગેરેથી પરિવર્તન પામતા સંયુક્ત પરિવારની પ્રથા તૂટવા લાગી છે આને કારણે સમાજમાં અનેકવિધ સમસ્યા ઉપસ્થિત થઈ છે. તેમાંની એક સમસ્યા વૃદ્ધાવસ્થાની છે.

માથા પર શ્વેત વાળ, કરચલી વાળી ચામડી, બખોલમાં ઊંડી ઉતરી ગયેલી નિસ્તેજ આંખો, ગળી ગયેલા ગાત્રો, બોખું મોં અને કમરેથી વાંકું વળી ગયેલું શરીર વૃદ્ધાવસ્થાનું ચિત્ર રજૂ કરે છે. વૃદ્ધાવસ્થાની સમસ્યા વિવિધ સમાજમાં વિવિધ સ્વરૂપે જોવા મળે છે. જુદા જુદા વર્ગના લોકોમાં એની અસર જુદી જુદી હોય છે.

આજના ઝડપી વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં ઉચ્ચ વર્ગ કરતા મધ્યમ અને નિમ્ન વર્ગના કુટુંબોમાં વૃદ્ધાવસ્થા અભિશાપ બની ગઈ છે. વૃદ્ધની માવજત અને સંભાળ આજના સમાજની વિપરીત સમસ્યા છે.

## II. વૃદ્ધાવસ્થા વિભાવના :

- Old age, also called senescence in human beings final stage of the normal life span - for statistical and public administrative purposes. However, old age is frequently defined as 60 or 65 years of age or older. – Britannica
- The words population aged 60 years and older is common conditions in older age include hearing lose. –World Health Organization
- વિશ્વની વૃદ્ધોની વસ્તી જે 60 વર્ષ અને તેથી વધુ ઉમરની વ્યક્તિઓનો સમાવેશ થાય છે તેવા વૃદ્ધ, ઉંમરલાયક વ્યક્તિઓમાં બીજા સામાન્ય લક્ષણો સાથે સાંભળવાની ક્ષતિની સામાન્ય લાક્ષણિકતાઓ દરેક વૃદ્ધમાં સમાન જોવા મળે છે .– WHO
- 60 થી વધુ વયજૂથમાં વ્યક્તિને વૃદ્ધ તરીકે વ્યાખ્યાયિત કરે છે .- રાષ્ટ્રીય વડીલ નીતિ
- ભારત સરકારની 'રાષ્ટ્રીય વડીલ નીતિ – 2011' અનુસાર 60 થી વધુ વયજૂથ ધરાવતાં વ્યક્તિઓનો વૃદ્ધ તરીકેની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો છે. એટલે કે 60વર્ષ અને તેથી વધુ વય ધરાવતા વ્યક્તિઓને વૃદ્ધ ગણી શકાય.
- વૃદ્ધાશ્રમોનો સાદો અર્થ-'વૃદ્ધોને આશરો કે આશ્રય આપતો આશ્રમ કે સ્થળ.' વિસ્તૃત અર્થમાં કહેવું હોય તો, 'સ્વજનોથી ત્યજાયેલા, થાકેલા, વૃદ્ધજનોની શેષ જિંદગી સાથે મનને મનાવીને કરેલું સુખદ સમાધાનનું સ્થળ.' -(પ્રજાપતિ, ૨૦૦૫)
- ભારતમાં 2001-2011 ના દાયકામાં વૃદ્ધોની સંખ્યામાં 2.75 કરોડનો વધારો થયો હતો. વૃદ્ધ વ્યક્તિઓની સંખ્યા 1951માં 1.98 કરોડ હતી. જે વધીને 2001માં 7.6 કરોડ અને 2011માં

10.38 કરોડ જેટલી હતી. આ વધતી જતી વૃદ્ધોની વસ્તી આજ રીતે વધે તો એક અનુમાન મુજબ ભારતમાં 60 થી વધુ વયના લોકોની સંખ્યા 2021માં વધીને 14.3 કરોડ અને 2026માં 17.3 કરોડ થશે. 2011માં એક અંદાજ મુજબ વૃદ્ધ મહિલાઓની સંખ્યા 5.28 કરોડ હતી, જ્યારે પુરુષ વૃદ્ધોની સંખ્યા 5.11 કરોડની હતી. ગુજરાતમાં વૃદ્ધોની સંખ્યા અંદાજે 35 લાખથી વધુ છે. વૃદ્ધોની વધતી વસતી અને તેમનાં સરેરાશ આયુષ્યમાં વધારો થવાથી સામાજિક અને શારીરિક સમસ્યાઓ જોવા મળે છે.

**ભારત અને ગુજરાતમાં વૃદ્ધોની સંખ્યા દર્શાવતું કોષ્ટક**

(માહિતી સ્રોત : વસ્તી ગણતરીઅહેવાલ-2011 મુજબ)

| વર્ષ | ભારતમાં | ગુજરાતમાં |
|---|---|---|
| 1961 | 05.63% | 04.94% |
| 1971 | 05.97% | 05.26% |
| 1981 | 06.28% | 05.62% |
| 1991 | 06.58% | 06.15% |
| 2001 | 07.08% | 06.75% |
| 2011 | 08.60% | 08.00% |

### ➢ સરકાર દ્વારા વૃદ્ધો લોકો માટેની નીતિ :

- સરકાર દ્વારા બંધારણની જોગવાઈઓમાં વૃદ્ધો માટે જોગવાઈ કરવામાં આવી છે. બંધારણની કલમ- 21માં વ્યક્તિને પ્રદૂષણમુક્ત જીવન અને તંદુરસ્ત વાતાવરણનો આનંદ લેવાનો હક્ક છે. તેવી જ રીતે સ્વાસ્થ્ય અને તબીબી સહાય અને સામાજિક સુરક્ષાનો અધિકાર છે. વૃદ્ધ, અશક્ત વ્યક્તિઓ, વિધવાઓ અને નિરાધાર વ્યક્તિઓને રાજ્ય સરકાર વિનામૂલ્યે અનાજ પૂરું પાડે છે.
- બંધારણની કલમ -41 વૃદ્ધાવસ્થાની સામાજિક સુરક્ષાની જોગવાઈ કરે છે.જેમાં વૃદ્ધો,અશક્ત વ્યક્તિઓ, વિધવાઓ અને નિરાધાર વ્યક્તિઓને સામાજિક સુરક્ષા મળી રહે તેવી જોગવાઈ છે.
- બંધારણની કલમ 309માં વૃદ્ધાવસ્થા પેન્શન, કામદારોને કલ્યાણની જોગવાઈ કરવામાં આવી છે તેથી જ રાજ્ય સરકારો વૃદ્ધોને સામાજિક સુરક્ષા પ્રદાન કરવા માટે પેન્શન યોજનાઓ, વીમા યોજનાઓ બનાવે છે. ઉપરાંત વૃદ્ધ વ્યક્તિઓ માટે કેટલીક કાનૂની જોગવાઈઓ પૂરી પાડવામાં આવે છે.

- દરેક ધર્મમાં વૃદ્ધો માટે કેટલાક કાયદાઓ છે જેવાં કે, હિન્દુ કાયદા, મુસ્લિમ કાયદાઓ તથા ખ્રિસ્તી અને પારસી કાયદાઓમાં સંતાનો દ્વારા પોતાના માતા- પિતાને સંભાળવાની જવાબદારી કાયદેસર રીતે જવાબદારી છે, તેનો ભંગ દંડને કે સજાને પાત્ર ગણવાની કાયદામાં જોગવાઈ કરવામાં આવી છે. તે ઉપરાંત સરકાર દ્વારા ‘માતા-પિતાનું સંચાલન અને કલ્યાણ અને વરિષ્ઠ નાગરિક અધિનિયમ – 2007’ માં વૃદ્ધ વક્તિઓનાં કેટલાંક અધિકારોને માન્યતા આપવામાં આવી છે. જેમાં વરિષ્ઠ નાગરિકની જાળવણીની જોગવાઈઓ કરેલી છે અને જો વરિષ્ઠ નાગરિક દ્વારા જાળવણી માટે અરજી કરવામાં આવે તો કોર્ટ સંતાનોને રૂ. 10,000 માસિક ભથ્થાંની ચૂકવણી કરવા હુકમ કરે છે. આમ, સરકારની નીતિ વૃદ્ધ વ્યક્તિઓને સામાજિક સુરક્ષા પ્રદાન કરવાની છે.
- ભારત સરકારે વૃદ્ધો માટેની રાષ્ટ્રીય નીતિને વૃદ્ધોનાં કલ્યાણકારી પગલાંઓને વેગ આપવા અને ફાયદાકારક રીતે સશક્તિકરણ માટે અમલમાં મુકી છે. જેમાં દર્શાવ્યા મુજબ અસંગઠિત ક્ષેત્રમાં ફરજ બજાવતા લોકોની સુરક્ષાની ખાતરી માટે પેન્શન ફંડની જોગવાઈ કરવામાં આવી છે. દરેક જિલ્લાઓમાં વૃદ્ધાશ્રમો અને ડે-કેર સેન્ટરનું નિર્માણ, રેલ ભાડા અને એરલાઇન્સની ટિકિટમાં રાહત આપવામાં આવે છે. બેન્કમાં ફિક્સ ડિપોઝિટ માટે વધારે વ્યાજ દર આપવામાં આવે છે. મફત કાનૂની સહાય પૂરી પાડવામાં આવે છે.

આમ, સરકારશ્રીની વૃદ્ધોના કલ્યાણ અને સામાજિક સુરક્ષા પ્રદાન કરવાની નીતિ અનુસાર વૃદ્ધો માટે વિવિધ જોગવાઈઓ, રાષ્ટ્રીય નીતિઓ અને યોજનાઓ ઘડવામાં આવી છે. જેથી વૃદ્ધ વ્યક્તિઓ પોતાની નિવૃત્તિ પછીનો સમય સ્વસ્થ, સલામત અને આનંદમય રીતે પસાર કરી શકે.

## ➢ સંબંધિત સાહિત્યનું વિશ્લેષણ(સમીક્ષા) :

- ➢ ખ્યાતી એ.વ્યાસ, સુરતમાં પરિવારો અને વૃદ્ધાશ્રમોમાં રહેતા વૃદ્ધોના શારીરિક, આર્થિક,ભાવનાત્મક, પારિવારિક અને સામાજિક ક્ષેત્રે સમસ્યાઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં પરિવારો સાથે રહેતા વૃદ્ધો કરતાં વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમાં સમસ્યાઓ વધુ જોવા મળી હતી. આ અભ્યાસની મર્યાદા એ છે કે નમૂનાની પસંદગી

માટે ગુજરાતના 4 જિલ્લાની પસંદગી કરી 320 જેટલા વૃદ્ધો પર જ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

- ***સી.કે.રાવલએ 1994*** માં વૃદ્ધોજનોની સમસ્યાઓનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ કર્યો હતો. જેમાં અમદાવાદના એલિસ બ્રિજ વિસ્તારમાં આવેલા પાલડી વિસ્તારમાં રહેતા 60થી વધુ વયના 50 વૃદ્ધ પુરુષ અને 50 વૃદ્ધ સ્ત્રીઓને ઉત્તરદાતા તરીકે યાદચ્છિક પસંદ કરવામાં આવ્યાં હતા. આ અભ્યાસના તારણોમાં એ જાણવા મળ્યું છે કે બહુમતી ઉત્તરદાતા સંયુક્ત કુટુંબમાં રહેતા હતા.કુટુંબમાં મહદ અંશે તેમની સગવડો સચવાય છે. કૌટુંબિક નિર્ણય લેવાની બાબતમાં કુટુંબમાં વૃદ્ધોના સ્થાનમાં થોડુંક પરિવર્તન આવ્યું હોય તેમ મોટાભાગના વૃદ્ધોને લાગે છે તેમ છતાં મોટા ભાગના વૃદ્ધોને કૌટુંબિક દરજ્જો ગુમાવ્યો હોય તેમ લાગતું નથી. ત્રીજા ભાગના ઉત્તરદાતાઓ મધુપ્રમેહ, હૃદય રોગ જેવી ગંભીર બીમારીથી પીડાતા હતા. વિદુર અને વિધવા ઉત્તરદાતાઓ એકલતા અનુભવતા હતા. ફુરસદના સમયમાં કૌટુંબિક-ધાર્મિક,સામાજિક સેવાઓ અને થોડાક પ્રમાણમાં શારીરિક,આર્થિક,રાજકીય પ્રવૃત્તિ કરતા જણાયા હતા. ફુરસદનો સમય પસાર કરવા અંગે બહુમતી ઉત્તરદાતાઓમાં કંટાળો અનુભવાતો ન હતો. આ અભ્યાસની મર્યાદા એ છે કે આમાં શહેરના સમૃદ્ધ વિસ્તારના વૃદ્ધોને જ અભ્યાસમાં પસંદ કરવામાં આવ્યાં હતાં.
- ***આર.એન. અનંતરામન (મનોવિજ્ઞાન વિભાગ, મદ્રાસ યુનિવર્સિટી, મદ્રાસ)*** દ્વારા 1981 માં 'વૃદ્ધોમાં સ્વનો ખ્યાલ' વિશે અભ્યાસ કરવામાં આવ્યો હતો.આ અભ્યાસમાં વૃદ્ધ લોકોએ વધુ નેગેટિવ સેલ્ફ કન્સેપ્ટને સમર્થન આપ્યું જે નકારાત્મક સંકેત આપે છે. વૃદ્ધાવસ્થામાં વ્યક્તિના જીવનમાં ફેરફારો જેમ કે નિવૃત્તિ, આવકમાં ઘટાડો, વધુ નવરાશનો સમય, મિત્રતા, કામનું વાતાવરણ અને મૃત્યુને કારણે જીવનસાથી અથવા મિત્રો અથવા સંબંધીઓની ખોટ વગેરે વૃદ્ધાવસ્થામાં નકારાત્મક સ્વ-ખ્યાલ માટેનાં કારણો હોઈ શકે છે.

## III. સંશોધનના હેતુઓ :

(1) કુટુંબમાં રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની સમસ્યાઓની પ્રાથમિક જાણકારી મેળવવા.

(2) કુટુંબમાં રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમાં જોવા મળતી સમસ્યાઓ વચ્ચે જોવા મળતો તફાવત અને સમાનતાની ચકાસણી કરવા.

(3) કુટુંબમાં રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની સમસ્યાઓ માટેના જવાબદાર પરિબળો ચકાસવા.

(4) કુટુંબમા રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો પોતાની સમસ્યાઓ પ્રત્યે કેવી રીતે સમાયોજન સાધે છે તેનો તુલનાત્મક અભ્યાસ કરવા.

(5) કુટુંબમાં રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની શારીરિક, આર્થિક ક્ષેત્રે અનુભવાતી સમસ્યાનો અભ્યાસ કરવા.

- **ઉત્કલ્પના :**

**Ho1** : સુરત જિલ્લામાં કુટુંબ સાથે રહેતા વૃદ્ધ લોકોમાં અને વૃધ્ધાશ્રમમાં રહેતા લોકોમાં આર્થિક સમસ્યામાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

**Ho2 :** સુરત જિલ્લામાં કુટુંબ સાથે રહેતા લોકોમાં અને વૃધ્ધાશ્રમમાં રહેતા લોકોમાં શારીરિક સમસ્યામાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

- **પ્રક્રિયા પધ્ધતિ અને સંશોધન ડિઝાઇન:**

**(i) સંશોધનનો પ્રકાર :**

| ક્રમ | ચલ | ચલના પ્રકાર | કક્ષાની સંખ્યા | કક્ષાઓ |
|---|---|---|---|---|
| 1 | આશ્રયસ્થાન | સ્વતંત્ર | 2 | (1) કુટુંબમાં રહેતા<br>(2) વૃદ્ધાશ્રમમાં રહેતા |
| 3 | શારીરિક | આધારિત | - | - |
| 4 | આર્થિક | આધારિત | - | - |

**(ii) સંશોધન ડિઝાઇન :**

યાદચ્છિક બે સમૂહ ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**(iii) સમષ્ટિ/ અભ્યાસ ક્ષેત્ર :**

પ્રસ્તુત સમસ્યાનો અભ્યાસ કરવા સુરત શહેર અને જિલ્લામાં કુટુંબ અને વૃદ્ધાશ્રમમાં રહેતા ૬૦ થી વધુ વયના 100 જેટલાં લોકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**(iv) નિર્દેશ અને નિર્દેશન :**

પ્રસ્તુત સમસ્યાનો અભ્યાસ કરવા સુરત શહેર અને જિલ્લામાં કુટુંબ અને વૃદ્ધાશ્રમમાં રહેતા ૬૦ થી વધુ વયના ને સહેતુક નમૂના દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા.

**(v) <u>પરિવર્ત્યોનું નિયંત્રણ</u> :**

પ્રસ્તુત સમસ્યાનો અભ્યાસ કરવા સુરત શહેર અને જિલ્લામાં કુટુંબ અને વૃદ્ધાશ્રમમાં રહેતા ૬૦ થી વધુ વયના લોકોને યાદચ્છિક પધ્ધતિ દ્વારા પરિવર્ત્યોનું નિયંત્રણ કરીને વૈજ્ઞાનિક રીતે માહિતી એકત્રિત કરવામાં હતી.

**(vi) <u>માહિતીનું એકત્રીકરણ</u> :**

સફળ સંશોધન માટે માહિતી એકત્રીકરણના સાધનોની પસંદગી ખૂબ મહત્વની હોય છે. કોઈ પણ સંશોધનની સફળતા મોટા ભાગે ઉપયોગમાં લેવાતા સાધનો પર આધારીત છે. ઉતરદાતાઓ પાસે પ્રશ્નાવલી અને પ્રત્યક્ષ મુલાકાત દ્વારા માહિતી મેળવવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધન માટે નીચે દર્શાવેલ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

Old-Age Adjustment Inventory

- *શમસદ હુસૈન તથા જશબિર કૌર રચિત*

  આ કસોટી વિવિધ વ્યવસાયો સાથે જોડાયેલા 60 વયથી વધુ વયના વૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓ માટે વિકસાવવામાં આવી છે. જેમાં 125 જેટલાં પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રશ્નો દ્વારા વૃદ્ધોની છ ક્ષેત્રોની સમસ્યા વિશે માહિતી પ્રાપ્ત કરી શકાય છે :

  (i) આરોગ્ય, (ii) ઘર, (iii) સામાજિક, (iv) વૈવાહિક, (v) ભાવનાત્મક, અને (vi) નાણાંકીય

**(vii) <u>માહિતીનું આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ</u> :**

પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું એકત્રીકરણ કરી તેનું આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ કરવા માટે કમ્પ્યુટરમાં **Excel** નો ઉપયોગ કરી એકત્રિત માહિતીના અર્થઘટન માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ➢ <u>પરિણામની ચર્ચા</u>

**ટેબલ: 1**

**પરિવાર સાથે રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની શારીરિક સમસ્યા**

| | નમૂનાની સંખ્યા | Mean | S.D. | t calculated |
|---|---|---|---|---|
| પરિવાર સાથે રહેતા વૃદ્ધો | 50 | 12.6 | 1.55 | .51 |
| વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો | 50 | 12.4 | 2.24 | |

ઉપરોક્ત કોષ્ટક જોતાં જણાય છે કે, પરિવાર સાથે રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની શારીરિક સમસ્યામાં તફાવત જોવા મળતો નથી. પરિવાર સાથે રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો વચ્ચે **સરેરાશ મૂલ્ય** અનુક્રમે **12.6 અને 12.4 અને SD 1.55 અને 2.24** છે, જે દર્શાવે છે કે તેમાં કોઈ નોંધપાત્ર તફાવત જોવા મળતો નથી. આમ, પરિવાર સાથે રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની શારીરિક સમસ્યા બન્નેમાં જોવા મળે છે.

### ટેબલ: 2

### પરિવાર સાથે રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની આર્થિક સમસ્યા

| | નમૂનાની સંખ્યા | Mean | S.D. | t calculated |
|---|---|---|---|---|
| પરિવાર સાથે રહેતા વૃદ્ધો | 50 | 19.00 | 1.40 | 7.24 |
| વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો | 50 | 15.9 | 2.65 | |

ઉપરોક્ત કોષ્ટક જોતાં જણાય છે કે, પરિવાર સાથે રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની આર્થિક સમસ્યામાં તફાવત જોવા મળે છે. પરિવાર સાથે રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો વચ્ચે **સરેરાશ મૂલ્ય અનુક્રમે 19 અને 15.9 અને SD 1.40 અને 2.65** છે, જે દર્શાવે છે કે તેમાં તફાવત જોવા મળે છે. આમ, પરિવાર સાથે રહેતા વૃદ્ધો કરતાં વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમાં આર્થિક સમસ્યા વધુ જોવા મળે છે.

## ➢ સંદર્ભ સૂચિ:

Kulkarni, J., Bharati, V., & Rekhade, N. (n.d.). *Adjustmental Problems of Old Persons*.

Rajendrakumar, & Parmar, M. (n.d.). *Psycho-Sociological Issues in Old Age & Their Adjustment*.

ચુડાસમા જીતેન્દ્રસિંહ આર. - 'આધુનિક સમયમાં વૃદ્ધોની સમસ્યા' (આર્ટિકલ)

વ્યાસ આનંદ એ. (n.d.). *Problems and Patterns of Adjustment A study of old people in Gujarat*

ચારણ દિનેશકુમાર સાગરદાન- કુટુંબમાં રહેતા વૃદ્ધો અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની સમસ્યાઓનો સમાજશાસ્ત્રીય અભ્યાસ

વ્યાસ ખ્યાતિ એ. -પરિવારો અને વૃદ્ધાશ્રમોમાં રહેતા વૃદ્ધોના શારીરિક, આર્થિક, ભાવનાત્મક, પારિવારિક અને સામાજિક ક્ષેત્રો સંબંધિત સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ

ડૉ.રુદ્રેશ વ્યાસ, ડૉ.બી.એ. પરીખ-માનવ વિકાસનું મનોવિજ્ઞાન

'વૃદ્ધો અને અપંગ વ્યક્તિઓ સાથે સામાજિક કાર્ય - ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી